# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-01-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## નૂતનવર્ષને આવકાર

આજથી આરંભાયેલ સ્વીસન 2025નાં નૂતન વર્ષને સમગ્ર વિશ્વના લોકો ઉમંગભેર વધાવી રહ્યા છે ગઈ મધરાતે બાર ના ટકોરે ખ્રિસ્તી દેવળો માં વિશેષ પ્રાર્થના પછી આતશબાજી અને ફટાકડાના ધૂમ ધડાકા વચ્ચે નવા વર્ષને ઉમળકાભેર આવકાર્યું હતું.

વિશ્વના મોટાભાગના દેશોએ 2024ને અલવિદા કહીને વર્ષ 2025ને આવકાર્યું હતું. દુનિયાભરના દેશોના ટાઈમ ઝોન જુદા હોવાના કારણે નવા વર્ષની શરૂઆત પણ જુદા જુદા સમયે કરવામાં આવી હતી. મલેશિયા, સિંગાપોર, ન્યુઝીલેન્ડ જેવા દેશોમાં નવા વર્ષની શરૂઆત સૌપ્રથમ થઇ હતી. ઓસ્ટ્રેલિયાના સિડની હાર્બરમાં પરંપરાગત ફટાકડા જોવા માટે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. મેલબોર્નમાં યારા નદીના કિનારે જોરદાર આતશબાજી કરવામાં આવી હતી.

દેશની સાથે રાજ્યમાં પણ નવા વર્ષને વધાવવા માટે ઠેર ઠેર કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. કચ્છ માં પણ નવા વર્ષ ને વધવાઈ રહ્યું છે અને નવા વર્ષ ની પરસ્પર શુભકામના પાઠવવામાં આવી રહી છે. જિલ્લામથક ભુજમાં મધરાતે 12 વાગ્યે આતશબાજી કરી નવા વર્ષને વધાવવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------

## રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, મુખ્યમંત્રી નવવર્ષની શુભેચ્છા

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવા વર્ષ 2025 ની પૂર્વ સંધ્યાએ લોકોને શુભેચ્છા પાઠવી છે. તેમના સંદેશમાં, રાષ્ટ્રપતિએ કહ્યું, નવું વર્ષ દરેકના જીવનમાં નવી આશાઓ, સપનાઓ અને આકાંક્ષાઓનું પ્રતીક છે. તેમણે કહ્યું કે, નવા વર્ષનો અવસર લોકોને તેમની ઈચ્છાઓ પૂર્ણ કરવા માટે નવા જોશ સાથે આગળ વધવાની તક આપે છે. રાષ્ટ્રપતિ મુર્મુએ લોકોને નવા વર્ષને આનંદ અને ઉત્સાહ સાથે આવકારવા અને સમાજ અને રાષ્ટ્રને એકતા અને શ્રેષ્ઠતાના માર્ગે આગળ લઈ જવા કહ્યું હતું.

ઉપપ્રમુખ જગદીપ ધનખડે નવા વર્ષ 2025ની પૂર્વ સંધ્યાએ તમામ નાગરિકોને શુભેચ્છા પાઠવી હતી. તેમના સંદેશમાં, તેમણે લોકોને રાષ્ટ્રને સર્વોચ્ચ રાખવાના સંકલ્પ સાથે લોકતાંત્રિક મૂલ્યોને જાળવી રાખીને મજબૂત રીતે આગળ વધવા જણાવ્યું હતું.

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સોશ્યલ મીડિયાની પોસ્ટ મારફતે વર્ષ 2025ની શુભકામના પાઠવી હતી.

-----------------------------------------------------------------------------------------

## ડોકિંગ ટેકનોલોજી-સ્વદેશી મિશન

પરમાણુ ઉર્જા અને અવકાશ રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે ગઇકાલે જણાવ્યું હતું કે," સ્પેડેક્સમિશનને ભારતીય ડૉકિંગ ટેક્નૉલૉજી નામ આપવામાં આવ્યું છે. કારણ કે તે સંપૂર્ણપણે સ્વદેશી મિશન છે અને ભારત ડૉકિંગ ટેક્નૉલૉજી સંબંધિત, આ પ્રકારનો પહેલો પ્રયોગ કરી રહ્યું છે.

તેમણે કહ્યું છે કે વર્ષ 2024 ભારતીય અવકાશ ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ વર્ષ રહ્યું છે. નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા ડૉ. સિંહે જણાવ્યું હતું કે, વર્ષનો પહેલો દિવસ **XPoSat** ના પ્રક્ષેપણ સાથે શરૂ થયો હતો ત્યારબાદ આદિત્ય **L**1 મિશનને તેની લક્ષિત પ્રભામંડળ ભ્રમણકક્ષામાં દાખલ કરવામાં આવ્યું હતું. આ વચ્ચે ગગનયાન માટે ઘણા ટ્રાયલ થયા છે જે પાઇપલાઇનમાં છે. તેમણે જણાવ્યું હતું કે, જ્યાં સુધી ડોકીંગ ટેક્નોલોજીનો સંબંધ છે ત્યાં સુધી **SpaDeX** મિશનનું લોન્ચિંગ ભારત દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રથમ પ્રયોગોમાંનું એક છે.

ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (**ISRO**) એ ગઈકાલે રાત્રે સ્પેસ ડોકિંગ એક્સપેરિમેન્ટ મિશન સફળતાપૂર્વક લોન્ચ કર્યું. **ISRO**ના **PSLV-C**60 રોકેટને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટર પરથી ઉપાડવામાં આવ્યું. તેના લોન્ચિંગ પછી તરત જ તેણે બે ઉપગ્રહો ધ ચેઝર) અને લક્ષ્યને નીચી પૃથ્વી ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક તૈનાત કર્યા હતા.

----------------------------------------------------------------------------------

## ચારણ સમાજ દ્વારા સોનલમાના પ્રાગટ્યોત્સવની ઉજવણી

ચારણ સમાજ માં શિક્ષણ અને સંસ્કાર ની જ્યોત જલતી કરનારાં આઇ સોનલમાં ના 101 મા પ્રાગટ્ય ઉત્સવ ની સમગ્ર કચ્છ જિલ્લામાં પરંપરાગત રીતે ઉજવણી થઈ રહી છે ચારણ સમાજની વધુ વસ્તી ધરાવતા માંડવી અને તાલુકા નાં ગામો માં આજનાં પર્વ નિમિતે શોભા યાત્રા વિવિધ ક્ષેત્ર ના અગ્રણીઓ નાં સન્માન સંતવાણી રાસ ગરબા ના કાર્યક્રમો યોજાશે માંડવી ઉપરાંત મુંબઈ વસતા ચારણ સમાજ દ્વારા વિવિધ કાર્યક્રમો નું મુંબઈ માં મુલુંડ ખાતે આયોજન કરાયું છે.

----------------------------------------------------------------------------------

## 31 ડિસેમ્બરની રાત્રિએ જિલ્લામાં સઘન પોલીસ ચેકિંગ

ગઇ રાત્રિએ ભુજ સહિત સમગ્ર પશ્ચિમ કચ્છમાં પોલીસ દ્વારા સઘન વાહન ચેકીંગ કરવામાં આવ્યું હતું. પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસવડા વિકાસ સુંડાના માર્ગદર્શનમાં પોલીસ દ્વારા વિવિધ ટીમો બનાવી જિલ્લામાં વિવિધ સ્થળોએ સઘન વાહન ચેકીંગ કરાયું હતું. શંકાસ્પદ વ્યક્તિઓની બ્રેથ એનેલાઈઝરથી તપાસણી કરવા સાથે વાહનોમાંથી બ્લેકફિલ્મ ઉતારી નિયમ ભંગ કરતા વાહન ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ત ખાનગી પાર્ટી પ્લોટો, ફાર્મ હાઉસો તથા હોટલ ધાબાઓ ઉપર વોચ રાખવા સાથે શેખપીર ચેક પોસ્ટ, માંડવી બીચ, ગઢશીશા ત્રણ રસ્તા, કોડાય પુલ, મોથાળા ચેક પોસ્ટ, મસ્કા ઓક્ટ્રોય, શક્તી નગર મુંદરા, લોરીયા ચેક પોસ્ટ, ધડુલી ચેક પોસ્ટ, ભીરંડીયારા ચેક પોસ્ટ, દેશલપર ચેક પોસ્ટ વિગેરે જગ્યાએ બ્રેથ એનેલાઇઝરથી વાહન ચેકીંગ કરી ડ્રિન્ક એન્ડ ડ્રાઇવના કેસો શોધી કાયદેસરની કાર્યવાહી કરાઈ હતી.

---

## હવામાન

હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણના જણાવ્યા અનુસાર આગામી પાંચ દિવસ ગુજરાત રાજ્યમાં વાતાવરણ શુષ્ક રહેવાની સાથે લઘુત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો નોંધાઈ શકે છે. ગઇકાલે નલિયા, ગાંધીધામ, અંજાર અને ભુજ રાજ્યભરમાં સૌથી ઠંડા મથક બન્યા હતા.

---